# જ.ફાતેમા ઝેહરા સ.અ.એ ફરમાવેલ ૪૦ હદીસો

**૧ જનાબે ફાતેમા ઝેહરા સ.અ. ફરમાવે છે**

(પોતાના શોહર હઝરત અલી અ.સ.ને કહે છે) આ ઘર તારૂ ઘર છે અને હુ તારી પત્ની છુ માટે તમે તમારી ઈચ્છા મુજબ અમલ કરો. (બેહાર ૨૮-૩૦૩)

**૨ જનાબે ફાતેમા ઝેહરા સ.અ. ફરમાવે છે**

બુરાઈથી પાક રહેવા માટે ખુદાવદે શરીઅતમા શરાબ પીવાની મનાઈ કરી છે. (અઅયાનુશ શીયા ૧-૩૧૬)

**3 જનાબે ફાતેમા ઝેહરા સ.અ. ફરમાવે છે**

ખુદાએ ઝકાતને રીઝકમા બરકતનુ કારણ બનાવ્યુ છે. (બેહાર ૬-૧૦૭)

**૪ જનાબે ફાતેમા ઝેહરા સ.અ. ફરમાવે છે**

રસુલે ખુદા સ.અ.વ.ફરમાવે છે અફસોસ તે ઔરત પર કે જેનો શોહર તેનાથી નારાઝ હોય અને ખુશનસીબ છે તે ઔરત કે જેનો શોહર તેનાથી રાઝી હોય. (બેહાર ૮-૩૧૦)

**૫ જનાબે ફાતેમા ઝેહરા સ.અ. ફરમાવે છે**

શીંકથી પાક રહેવા માટે ખુદાએ ઈમાનને વાજીબ કર્યુ છે. (બેહાર ૬-૧૦૭)

**૬ જનાબે ફાતેમા ઝેહરા સ.અ. ફરમાવે છે**

રસુલે ખુદા સ.અ.વ.ફરમાવે છે જે કોઈ આલે મોહમદની મોહબ્બત સાથે મરી જાય તે શહીદ મર્યો ગણાશે. (બેહાર ૨૭-૧૧૧)

**૭ જનાબે ફાતેમા ઝેહરા સ.અ. ફરમાવે છે**

રસુલે ખુદા સ.અ.વ.ફરમાવે છે અય ઝહેરા સખાવત કર કારણ કે સખાવત જન્નતના જાડમા થી એક જાડ છે કે જેની ડાળી આસમાની દુનિયામા વીખરાએલ છે અને જે કોઈ તે જાડનીએક ડાળી પકડી લેશે તે જન્નતમા જાશે. (અલબહજત ૧-૨૬૬)

**૮ જનાબે ફાતેમા ઝેહરા સ.અ. ફરમાવે છે**

અય રસુલે ખુદા મારા બન્ને હાથો કામ કરવાથી ઝખમી થઈ ગયા છે હુ કયારેક લોટ તૈયાર કરૂ છુ અને કયારેક લોટ બાંધુ છુ. (અલબહજત ૧-૨૭૪)

**૯ જનાબે ફાતેમા ઝેહરા સ.અ. ફરમાવે છે**

ઔરતો માટે સૌથી સારી ચીઝ એ છે કે કોઈ નામેહરમ મર્દને ન જુએ અને કોઈ નામેહરમ તેને ન જુએ. (બેહાર ૪૩-૫૪)

**૧૦ જનાબે ફાતેમા ઝેહરા સ.અ. ફરમાવે છે**

જે કોઈ અલ્લાહ તરફ ખાલીસ ઈબાદતો મોકલશે તો ખુદાવંદ પણ સૌથી સારી વસ્તુ જે તેના માટે બેહતર હશે તે મોકલશે. (બેહાર ૭૧-૧૮૩)

૧૧ જનાબે ફાતેમા ઝેહરા સ.અ. ફરમાવે છે

જે કોઈ સય્યદ સાથે નેકી કરશે અને તે સય્યદ નેકીનો બદલો નહી આપી શકે તો હુ ખુદ તે નેકી કરનારને ઈનામ આપીશ. (બેહાર ૯૬-૨૨૫)

૧૨ જનાબે ફાતેમા ઝેહરા સ.અ. ફરમાવે છે

રસુલે ખુદા સ.અ.વ.ફરમાવતા હતા કે જે કોઈ ત્રણ દીવસ મારા અને તારા પર સલવાત મોકલશે તો જન્નત તેનીજ છે. (મનાકીબ શજરે આશુબ ૩-૩૬૫)

૧૩ જનાબે ફાતેમા ઝેહરા સ.અ. ફરમાવે છે

રસુલે ખુદા સ.અ.વ.ફરમાવે છે અય ફાતેમા જે કોઈ તારા પર સલવાત મોકલશે તો ખુદાવંદ તેના દરેક ગુનાહને બક્ષી આપશે અને હુ જન્નતમા ગમે ત્યા હઈશ તે મારી સુધી પહોચી જાશે. (બેહાર ૪૩-૫૫)

૧૪ જનાબે ફાતેમા ઝેહરા સ.અ. ફરમાવે છે

ખુદાવંદે વાજીબ કર્યુ છે કે પાકદામન અને શાદીશુદા ઔરતો તરફ બુરી તોહમત ન નાખો જેના થકી અલ્લાહની લાનત થવાથી બચી જાવ. (બેહાર ૬-૧૦૭)

૧૫ જનાબે ફાતેમા ઝેહરા સ.અ. ફરમાવે છે

ખુદાવંદે પાકદામનીને બચાવી રાખવા માટે ચોરી કરવાની મનાઈ કરેલ છે. (બેહાર ૬-૧૦૮)

૧૬ જનાબે ફાતેમા ઝેહરા સ.અ. ફરમાવે છે

અલ્લાહે રોઝાને ખુલુસની મજબુતી માટે વાજીબ કર્યા છે. (બેહાર ૬-૧૦૭)

૧૭ જનાબે ફાતેમા ઝેહરા સ.અ. ફરમાવે છે

અલ્લાહે ઈન્સાફને દીલોની એકતા માટે વાજીબ કરેલ છે. (બેહાર ૬-૧૦૭)

૧૮ જનાબે ફાતેમા ઝેહરા સ.અ. ફરમાવે છે

જે કોઈ મોમીન ગુલામને આઝાદ કરે તો ખુદાવંદ તે ગુલામના શરીરના દરેક ભાગોના બદલા મા આઝાદ કરનારના શરીરના ભાગોને જહન્નમની આગથી બચાવશે. (બેહાર ૧૦૪-૧૯૪)

૧૯ જનાબે ફાતેમા ઝેહરા સ.અ. ફરમાવે છે

રસુલે ખુદા સ.અ.વ. ફરમાવે છે જે કોઈ અકીકની વીંટી પહેરશે તે હંમેશા ફાયદામા રહેશે. (વસાએલુશ શીયા ૫-૮૮)

૨૦ જનાબે ફાતેમા ઝેહરા સ.અ. ફરમાવે છે

એક દીવસ મારા બાબા રસુલે ખુદા સ.અ.વ.એ હઝરત અલી અ.સ.સામે જોયુ અને ફરમાવ્યુ કે આ માણસ અને તેના ચાહવાવાળા જન્નતી છે. (અહકાકુલ હકક ૭-૩૦૮)

૨૧ જનાબે ફાતેમા ઝેહરા સ.અ. ફરમાવે છે

તેના શોહર હઝરત અલી અ.સ.ને ફરમાવે છે અય અબુલ હસન મને અલ્લાહથી શરમ થાય છે કે એ વસ્તુની હુ તારા પાસે માંગણી કરૂ જેના અંજામ આપવા પર તમે કુદરત નથી રાખતા. (બેહાર ૪૩-૫૯)

૨૨ જનાબે ફાતેમા ઝેહરા સ.અ. ફરમાવે છે

રસુલે ખુદા સ.અ.વ.ફરમાવ્યુ અય બાપની પ્યારી! દરેક નશીલી વસ્તુ હરામ છે અને દરેક નશીલી વસ્તુ શરાબ છે. (બેહાર ૬૬-૪૮૭)

૨૩ જનાબે ફાતેમા ઝેહરા સ.અ. ફરમાવે છે

રસુલે ખુદાએ ફરમાવ્યુ આ જીબ્રઈલ છે જે મને ખબર આપે છે ખરેખર ખુશનસીબ ઈન્સાન અને સંપુંણ રીતે ખુશનસીબ અને ખરો ખુશનસીબ ઈન્સાન તે છે જે અલીને તેની હયાતમા અને તેના શહીદ થવા પછી પણ દોસ્ત રાખે. (બેહાર ૨૭-૭૪)

૨૪ જનાબે ફાતેમા ઝેહરા સ.અ. ફરમાવે છે

ખુદાએ નમાઝ ને તકબ્બુરથી બચવા માટે રાખેલ છે. (બેહાર ૬-૧૦૭)

જનાબે ફાતેમા ઝેહરા સ.અ. ફરમાવે છે

રસુલે ખુદાએ ફરમાવ્યુ જે કોઈ જમ્યા પછી હાથ ધોયા વગર સુય જાય તો તે પોતેજ પોતાને મલામત કરે. (બેહજત ૧-૩૦૨)

૨૫ જનાબે ફાતેમા ઝેહરા સ.અ. ફરમાવે છે

જે કોઈ સુરે હદીદ સુરે વાકેઆ અને સુરે રહમાનની તીલાવત કરતો હશે તને ઝમીન અને આસમાનમા જન્નતી કેહવામા આવશે. (કન્ઝુલ ઉમ્માલ ૧-૫૮૨)

૨૬ જનાબે ફાતેમા ઝેહરા સ.અ. ફરમાવે છે

તે રોઝેદારને તેનો રોઝો ફાયદો નહી પહોચાડે જે પોતાની ઝબાન,આંખ,કાન અને બીજા શરીર ના ભાગોને ગુનાહથી નથી બચાવતો. (બેહાર ૯૬-૨૯૪)

૨૭ જનાબે ફાતેમા ઝેહરા સ.અ. ફરમાવે છે

ખુદાએ વઝન અને જોખવામા બરાબર ધ્યાન આપવાનુ વાજીબ કર્યુ છે જેથી કોઈનો હક્ક આપણી ગરદન પર બાકી ન રહી જાય. (બેહાર ૬-૧૦૭)

૨૮ જનાબે ફાતેમા ઝેહરા સ.અ. ફરમાવે છે

ખુદાએ સબ્રને બેહતરીન ઈનામનો વસીલો બનાવ્યો છે. (બેહાર ૬-૧૦૭)

૨૯ જનાબે ફાતેમા ઝેહરા સ.અ. ફરમાવે છે

ખુદાવંદે અમો એહલેબૈતની ઈતાઅતને સમાજમા સુખ શાંતીનો વસીલો બનાવયો છે અને ઈમામતને એકતાનો વસીલો બનાવ્યો છે કે જેથી(ઈસ્લામ) ફીરકામા ન વહેચાય જાય. (બેહાર ૬-૧૦૭)

૩૦ જનાબે ફાતેમા ઝેહરા સ.અ. ફરમાવે છે

ખુદાવંદે શીર્કને હરામ કર્યુ જેથી ઈબાદતમા ખુલુસ પૈદા થઈ શકે. (બેહાર ૬-૧૦૮)

૩૧ જનાબે ફાતેમા ઝેહરા સ.અ. ફરમાવે છે

ખુદાવંદે જેહાદને ઈસ્લામની ઈઝ્ઝત માટે વાજીબ કર્યુ છે. (બેહાર ૬-૧૦૭)

૩૨ જનાબે ફાતેમા ઝેહરા સ.અ. ફરમાવે છે

ખુદાવંદે મન્નતને પુરી કરવાની તાકીદ કરી છે જેના થકી ગુનાહો બક્ષાઈ જાય.(બેહાર ૬-૧૦૭)

**૩૩ જનાબે ફાતેમા ઝેહરા સ.અ. ફરમાવે છે**

મને તમારી આ દુનિયામા ત્રણ ચીઝ વધારે પંસદ છે કુર્આનની તીલાવત,રસુલે ખુદાના ચેહરા ની ઝયારત અને રાહે ખુદામા ખૈરાત. (વકાયેઉલ અય્યામ,સેયામ-૨૯૫)

**૩૪ જનાબે ફાતેમા ઝેહરા સ.અ. ફરમાવે છે**

મોમીનો સામે હસમુખ રહેવાનો સવાબ જન્નત છે. (બેહાર ૭૫-૪૦૧)

**૩૫ જનાબે ફાતેમા ઝેહરા સ.અ. ફરમાવે છે**

રસુલે ખુદાએ ફરમાવ્યુ છે તમારામાથી બેહતરીન લોકો એ છે જે મોમીનો સામે મહેરબાન હોય છે અને પોતાની ઘરવાળીઓ સામે કરીમ હોય છે. (મસનદે ફાતેમા ઝેહરા ૨૨૧)

**૩૬ જનાબે ફાતેમા ઝેહરા સ.અ. ફરમાવે છે**

ખુદાવંદે અમ્રેબીલ મઅરૂફને સમાજની સુધારણા માટે વાજીબ કર્યુ છે. (બેહાર ૬-૧૦૭)

**૩૭ જનાબે ફાતેમા ઝેહરા સ.અ. ફરમાવે છે**

ખુદાવંદે હજ્જને દીનની મજબુતીનુ કારણ બનાવ્યુ છે. (બેહાર ૬-૧૦૭)

**૩૮ જનાબે ફાતેમા ઝેહરા સ.અ. ફરમાવે છે**

રસુલે ખુદા સ.અ.વ.એ ફરમાવ્યુ અય ફાતેમા! કંજુસાઈ કરવાથી પરહેઝ કર કારણ કે કંજુસાઈ જહન્નમનુ એક જાડ છે જેની ડાળીઓ ઝમીન પર છે જે કોઈઆ ડાળીમા લટકાઈ જાશે તે જહન્નમા જશે. (દલાએલે ઈમામત ૪)

**૩૯ જનાબે ફાતેમા ઝેહરા સ.અ. ફરમાવે છે**

ખુદાવંદે માંબાપ સાથે નેકી કરવાને પોતાના ગઝબથી બચવાનુ કારણ બનાવ્યુ છે. (બેહાર ૬-૧૦૭)

**૪૦ જનાબે ફાતેમા ઝેહરા સ.અ. ફરમાવે છે**

જે કોઈ અલ્લાહ અને કયામત પર ઈમાન રાખે છે તે પોતાના પાડોશીને અઝીયત નથી કરતો, જે કોઈ અલ્લાહ અને કયામત પર ઈમાન રાખે છે તે મેહમાનનો એહતેરામ કરે છે, અને જે કોઈ અલ્લાહ અને કયામત પર ઈમાન રાખે છે તે નેક શબ્દોજ બોલે છે અથવા ચુપ રહે છે.
(પયામે પયામ્બરાન પેજ નં. ૬૭)

---

**kausarmukhi@yahoo.co.in**